# રેલવે કેન્ટિન અને ડેરી ઉદ્યોગના ગેસ પર 30 ટકા કાપ

**પરિવાર** દીઠ 5 અને સંસ્થા દીઠ 25 લિટર કેરોસીન ફાળવવાનો નિર્ણય

LPG ગ્રાહકોને PNGમાં તબદિલ કરવા સરકારની પ્રાથમિકતા



### LPGનું વિતરણ માટે મર્યાદા નક્કી કરવામાં આવી

» પુરવઠો હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને જરૂરિયાતની 100% ફાળવણી
» પુરવઠો ફાર્મા, ડેરી, સીડ પ્રોસેસિંગ, એરલાઇન્સ અને રેલવે કેન્ટીનને જરૂરિયાતની 70% ફાળવણી
» મત્સ્યોદ્યોગ, રેસ્તરાં, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન અને ફૂડ પ્રોસેસિંગ એકમોને જરૂરિયાતના 90 % ફાળવણી

ગાંધીનગર રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2026-27નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યા બાદ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી અને વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે રાજ્યમાં ગેસ અને કેરોસીનના પુરવઠા અંગેની સ્થિતિ સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, PNG કનેક્શન ધરાવતા ગ્રાહકોએ LPG સરેન્ડર કરવું પડશે સરકાર હવે LPG ગ્રાહકોને PNG (Pipe Natural Gas) તરફ વાળવા માટે ખાસ ભાર મૂકી રહી છે.

મોના ખંધારે જણાવ્યું હતું કે, જે ગ્રાહકો પાસે LPG અને PNG બંને કનેક્શન છે, તેમણે આગામી બુધવાર સુધીમાં પોતાનું LPG કનેક્શન ફરજિયાતપણે સરેન્ડર કરવાનું રહેશે. રાજ્યમાં ઘરેલુ અને કોમર્શિયલ હેતુ માટે PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં LPGના વિકલ્પ તરીકે રાજ્યમાં કેરોસીન વિતરણની વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલા 14.52 લાખ લિટર કેરોસીનમાંથી દરેક જિલ્લાને 36,000 લિટર જથ્થો ફાળવાયો છે.

પરિવાર દીઠ 5 લિટર કેરોસીન અને સંસ્થા દીઠ 25 લિટર કેરોસીન ફાળવવામાં આવશે.

# આજે ગુજકેટની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે

**29 માર્ચે** લેવાનારી પરીક્ષામાં હોલ ટિકિટની સાથે ફોટો આઇડી પ્રૂફ લઇ જવું ફરજિયાત

ગાંધીનગર : રાજ્યમાં ગુજકેટ-2026 પરીક્ષા 29 માર્ચ 2026ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ આવતીકાલ તા. 17મી માર્ચના રોજ બપોરે 12 વાગ્યા પછી ઓનલાઈન બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે ગુજકેટ-2026ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ- હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પરથી આવતીકાલ 17મી માર્ચ 2026ના રોજ બપોરે 12 વાગ્યાથી ડાઉનલોડ કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-2026માં ભરેલા આવેદનપત્રમાં નોંધાયેલા મોબાઈલ નંબર, અથવા ઈમેલ આઇડી અને જન્મ તારીખ અથવા એપ્લિકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ-હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહની શાળાઓએ પોતાના ઈન્ડેક્સ નંબર તથા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર લોગીન કરી પોતાની શાળાના ગુજકેટ 2026 માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ ડાઉનલોડ કરી તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકાશે. આ હોલ ટિકિટ ઉપર શાળાના આચાર્યના સહી સિક્કો કરવાની જરૂર નથી.

ગુજકેટ 2026 પરીક્ષાના ઉમેદવારોએ એડમિશન કાર્ડ હોલ ટિકિટની સાથે એક ફોટો આઈડી પ્રુફ જેમ કે આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ધોરણ 12ની પરીક્ષાની ઓરીજનલ હોલ ટિકિટ સાથે લઈ જવાની રહેશે. ગુજકેટ-2026 પરીક્ષા 29 માર્ચે લેવાશે. પ્રથમ પેપર ફિઝિક્સ અને કેમિસ્ટ્રીનું રહેશે. પરીક્ષા માટે વિદ્યાર્થીઓને સવારે 9.30 કલાકે પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવશે. પરીક્ષા સવારે 10.00 કલાકે શરૂ થઈ બપોરે 12.00 કલાકે પૂર્ણ થશે. બપોરે બાયોલોજી પેપર માટે 1.10 કલાકે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે, અને પરીક્ષા 1.40 કલાકે શરૂ થઈ 2.40 કલાકે પૂર્ણ થશે. બાદમાં દિવસનું છેલ્લું પેપર ગણિતનું રહેશે. આ પેપર માટે 3.30 કલાકે પ્રવેશ આપવામાં આવશે અને પરીક્ષા સાંજે 4.00 કલાકે શરૂ થઈ 5.00 કલાકે પૂર્ણ થશે.

### ગુજરાતના વિદ્યાર્થીઓમાં હિંસક ઘટનાઓ વધી

# અમદાવાદમાં ધો.11ના વિદ્યાર્થીએ બીજાને છરી મારી

**એક** મિનિટમાં અમદાવાદના ટોપ-5 ન્યૂઝ, VIDEO:બાપુનગરમાં ધો.11ના વિદ્યાર્થીએ બીજા સ્ટુડન્ટને છરી મારી, નશામાં ધૂત કારચાલકની બાઇક-કારને ટક્કર

સુરત : અમદાવાદ શહેરમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોમાં મારામારીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ખોખરા વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ અને ઘાટલોડિયાની નેશનલ સ્કૂલ બાદ શહેરના હીરાવાડી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીએ ટ્યુશન ક્લાસમાં બીજા રૂમમાં બેસવા બાબતે છરીનો ઘા મારી દીધો હતો.

પેટમાં છરીનો ઘા વાગવાથી ઇજાગ્રસ્ત વિદ્યાર્થીને લોહીલુહાણ હાલતમાં સાથી સ્ટુડન્ટ રિક્ષામાં લઈ ગયો હતો. સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે બાપુનગર પોલીસે છરી મારનાર સગીર વિદ્યાર્થી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં હીરાવાડી નજીક 17 વર્ષીય સગીર તેના પરિવાર સાથે રહે છે અને ભગવતી વિદ્યાલય બાપુનગર ખાતે ધો. 11માં અભ્યાસ કરે છે. બાપુનગર વિસ્તારમાં પ્રતીક્ષા માર્કેટ પાસે આવેલા કોમર્સ એક્સપોર્ટ ટ્યુશન ક્લાસીસમાં અભ્યાસ અર્થે જાય છે. સ્કૂલમાં જ સાથે અભ્યાસ કરતો અન્ય એક વિદ્યાર્થી પણ આ જ ટ્યુશન ક્લાસમાં સાથે અભ્યાસ કરે છે. 15 માર્ચના રોજ સગીર ટ્યુશન ક્લાસીસમાં ગયો હતો ત્યારે તેના રૂમમાં જગ્યા ન હોવાથી તેના સાથી વિદ્યાર્થીને તેણે બીજા રૂમમાં જવાનું કહ્યું હતું જેના કારણે બંને વચ્ચે બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. બંને વિદ્યાર્થી વચ્ચે બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી, ત્યારે બપોરના સમયે જ્યારે સગીર હીરાવાડી વિસ્તારમાં તુલસી ફ્લેટ નજીક આવેલા ભોમિયા ડેરી પાસે ઉભો હતો ત્યારે તેનો સાથી વિદ્યાર્થી મિત્ર આવ્યો હતો અને ટ્યુશન ક્લાસમાં બેસવાની જગ્યા ન હોવાથી બીજા રૂમમાં કહેવા બાબતે થયેલી બોલાચાલીને લઈને તેના પાસે રહેલો છરો કાઢ્યો હતો અને પેટના ડાબા ભાગે એક ઘા મારી દીધો હતો.

# સુરતમાં SSCના વિદ્યાર્થી પર રેમ્બો છરીથી હુમલો

**અઢી** માસ પહેલાં ઓનલાઇન ચપ્પુ મંગાવી રાખ્યું હતું

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં કર્મયોગી સોસાયટી પાસે આવેલી ગેલેક્સી આર્મી ઇન્ટરનેશનલ સ્કૂલ ગેટની બહાર એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં નજીવી બાબતની અદાવતમાં ચાર સગીરોએ ધોરણ 10માં ભણતા એક વિદ્યાર્થી પર શાળાના ગેટ પાસે જ ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો.ભોગ બનનાર વિદ્યાર્થી પોતાની માતા સાથે બહેનના સ્કૂલ ફંક્શનમાં ગયો હતો, ત્યારે બદલાની ભાવના રાખીને બેઠેલા અન્ય વિદ્યાર્થીઓએ તેના પર તીક્ષ્ણ હથિયારના ત્રણ ઘા ઝીંકી દીધા હતાં. ગંભીર રીતે ઇજાગ્રસ્ત વિદ્યાર્થીની સર્જરી કરવામાં આવી છે. આ હુમલાને કારણે તે આજે ધોરણ 10ની બોર્ડની પરિક્ષાનું પેપર આપી શક્યો નથી, જેના કારણે તેનું વર્ષ બગડવાની ભીતિ સેવાઈ રહી છે. હુમલો કરનારા આ વિદ્યાર્થીઓના પિતા લૂમ્સ, ડાયિંગ-પ્રિન્ટિંગ મિલ અને રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે ઇજાગ્રસ્ત વિદ્યાર્થીના પિતા લૂમ્સના કારખાનામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.

શાળાના ફંક્શન દરમિયાન નાચતી વખતે એક વિદ્યાર્થીનો પગ બીજા વિદ્યાર્થીને લાગી જતાં વિવાદ વકર્યો હતો. બે વિદ્યાર્થીઓ ફંક્શનમાં હાજર હતા, જ્યાં નાચવા બાબતે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય ઝઘડો લોહિયાળ ખેલમાં પરિણમ્યો જ્યારે બંને વિદ્યાર્થીઓએ બહાર આવીને અન્ય બે મિત્રોને બોલાવી લીધા હતા. ધોરણ 9 માં ભણતા આ કિશોરોએ અદાવત રાખીને એકાએક હુમલો કરી દીધો હતો.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર વિદ્યાર્થી જ્યારે શાળાએથી છૂટીને ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે તેની જ શાળામાં અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ સાથે અગાઉ થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખીને તેને રસ્તામાં રોકવામાં આવ્યો હતો. આરોપીઓએ ઉશ્કેરાઈને વિદ્યાર્થી સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને 'તારામાં બહુ દમ છે' તેમ કહી અપશબ્દો બોલી મારપીટ કરી હતી. આ દરમિયાન એક વિદ્યાર્થીએ ચપ્પુ કાઢી પીઠ અને પેટના ભાગે ઘા ઝીંક્યા હતા, જેના કારણે ઇજાગ્રસ્ત વિદ્યાર્થી લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. આ ઘટનામાં ઇજાગ્રસ્ત વિદ્યાર્થીના પિતાએ અત્યંત ગંભીર અને ચોંકાવનારો આરોપ લગાવ્યો છે. પિતાના જણાવ્યા અનુસાર, હુમલો કરનાર સગીરોએ ગુનાહિત માનસિકતા સાથે ઓનલાઇન સાઇટ પરથી ચપ્પુ મંગાવ્યા હતાં. પિતાએ આક્ષેપ કર્યો છે કે, ડિજિટલ પ્લેટફોર્મ પર હથિયારો સરળતાથી ઉપલબ્ધ હોવાને કારણે સગીરોમાં હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે. અગાઉ થયેલી સામાન્ય ટક્કર બાદ જ્યારે વિદ્યાર્થીએ ટકોર કરી હતી, ત્યારે તેનો ખાર રાખીને આ સગીરોએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ઓનલાઇન હથિયાર વસાવી આ હુમલાને અંજામ આપ્યો હોવાનું પિતાનું કહેવું છે.

## વલસાડમાં આત્મનિર્ભર યોજનામાં 13 મોટા ઉદ્યોગોને મંજૂરી

ગાંધીનગર : વલસાડ જિલ્લામાં રાજ્ય સરકારની આત્મનિર્ભર યોજના હેઠળ મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન મળી રહ્યું છે. તા. 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં મોટા કદના 13 ઉદ્યોગોની રજિસ્ટ્રેશન માટેની અરજીઓને મંજૂરી આપવામાં આવી હોવાનું સરકારે વિધાનસભામાં જણાવ્યું છે.સરકારના જણાવ્યા મુજબ આ 13 ઉદ્યોગો દ્વારા કુલ રૂ. 3427.34 કરોડનું સૂચિત મૂડીરોકાણ થવાનું છે. આ રોકાણ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં થવાનું છે જેમાં કેમિકલ્સ, ટેક્સટાઈલ, પેપર અને પેપર પ્રોડક્ટ્સ, મેટલ અને મિનરલ્સ, પ્લાસ્ટિક તેમજ હેલ્થકેર ક્ષેત્રનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો શરૂ થતાં જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને વેગ મળશે તેમજ રોજગારના નવા અવસરો ઊભા થવાની શક્યતા પણ વધશે. રાજ્ય સરકાર આત્મનિર્ભર યોજના દ્વારા નવા ઉદ્યોગોને આકર્ષવા અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા પ્રયાસ કરી રહી છે.

'આસ્થા સાથે સુરક્ષા'નો અમારો અભિગમ છે

# નર્મદા પરિક્રમા માટે વોટરપ્રૂફ ડોમ બનશે

**ડોમમાં** ખાટલા, ગાદલા, બેડશીટ, ખુરશીઓ સહિતની વ્યવસ્થા ઊભી કરાશે

**પરિક્રમામાં** માર્ગ પર ડોમ શેલ્ટર, મોબાઈલ ટોઈલેટ, વોટર સ્ટેશન, ૨૪ કલાક એમ્બ્યુલન્સની સગવડ મળશે



ગાંધીનગર : ગુજરાતમાં આગામી ૧૯ માર્ચથી શરૂ થનારી પવિત્ર ઉત્તર વાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને લઈને રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી છે. આ ૩૦ દિવસીય પરિક્રમા ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી શરૂ થઈ ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે. હજારો શ્રદ્ધાળુઓ પરિક્રમા માટે ઉમટે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલના 'આસ્થા સાથે સુરક્ષા'ના સંવેદનશીલ અભિગમ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સમગ્ર આયોજન હાથ ધરાયું છે.રાજ્ય સરકાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને અનુસરતા ધાર્મિક પરંપરા, સુરક્ષા અને આધુનિક સુવિધાઓનો સુમેળ સાધી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા પ્રયાસ કરી રહી છે. પરિક્રમાર્થીઓની યાત્રા સુગમ બને તે માટે અંદાજે રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી સુવિધાઓ વધુ મજબૂત કરવામાં આવી રહી છે. તેમાં ડોમ શેલ્ટર, મોબાઈલ ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪ કલાક એમ્બ્યુલન્સ, ઈમરજન્સી હેલ્પ પોઈન્ટ સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, બેડશીટ, ખુરશીઓ સહિત આરામદાયક બેઠક અને વિશ્રામની વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ, ક્લોક રૂમ તેમજ સેવા કેન્દ્રો અને દુકાનો પણ ઉભી કરવામાં આવશે.

યાત્રા દરમિયાન સ્વચ્છતા અને આરોગ્યને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. મહિલાઓ અને પુરુષો માટે અલગ હંગામી શૌચાલય, મોબાઈલ ટોયલેટ વાન, સતત પાણી પુરવઠો અને કચરા વ્યવસ્થાપન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમા વિસ્તાર સ્વચ્છ રહે તે માટે હાઉસકીપિંગ ટીમો અનેક શિફ્ટમાં સતત કામગીરી કરશે.

લાખો શ્રદ્ધાળુઓના આગમનની શક્યતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા પણ અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. પરિક્રમા વિસ્તારમાં પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વોચ ટાવર ઉભા કરવામાં આવશે. તાલીમબદ્ધ સુરક્ષા કર્મચારીઓ વિવિધ શિફ્ટમાં ફરજ બજાવશે. ઉપરાંત ભીડ નિયંત્રણ માટે બેરિકેડિંગ તેમજ ઈન્ફ્રારેડ અને આરએફઆઈડી આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમ દ્વારા યાત્રાળુઓની અવરજવર પર નજર રાખવામાં આવશે.

પરિક્રમા માર્ગ અને ઘાટો પર રાત્રિના સમયે પણ યાત્રાળુઓને સુવિધા મળે તે માટે ૧૮ કિલોમીટર માર્ગ પર એલઈડી અને ફ્લડ લાઈટ દ્વારા વ્યાપક લાઈટિંગ વ્યવસ્થા કરવામાં આવશે. જાહેર ઉદ્ઘોષણાઓ માટે સાઉન્ડ સિસ્ટમ, વાયરલેસ કમ્યુનિકેશન અને સીસીટીવી સર્વેલન્સ જેવી આધુનિક વ્યવસ્થાઓ પણ કાર્યરત રહેશે.

# ઉમરેઠની પેટા ચૂંટણીમાં NCP પણ મેદાનમાં

**અત્યાર** સુધી અહીં ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ જંગ ખેલાતો હતો

ગાંધીનગર : ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ચૂંટણીની જાહેરાત સાથે દેશમાં કેટલીક વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીનું પણ બ્યૂગલ ફૂંકાયું છે. તેમાં ગુજરાતની ઉમરેઠ વિધાનસભા બેઠક પણ સામેલ છે. આ બેઠક ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના નિધન બાદ ખાલી પડી હતી, જેના પગલે અહીં પેટા ચૂંટણી યોજાશે. આ બેઠક માટે 23 એપ્રિલે મતદાન થશે અને 4 મેના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. ઉમરેઠ બેઠક પર પરંપરાગત રીતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર રહેતી આવી છે, પરંતુ આ વખતની પેટા ચૂંટણીમાં ત્રીજો પક્ષ પણ મેદાનમાં ઉતરવાનો છે. રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (NCP) એ પોતાના ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય જયંત બોસ્કીને મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી છે. એનસીપીના પ્રદેશ પ્રમુખ નિકુંલસિંહ તોમરએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં તેઓ અજિત પવારના નેતૃત્વમાં એનડીએ સાથે છે, પરંતુ ગુજરાતમાં પાર્ટી સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. જયંત બોસ્કીએ વર્ષ 2007થી અત્યાર સુધી ચાર ચૂંટણી લડી છે, જેમાંથી બે વખત વિજય મેળવ્યો છે. અગાઉ ઉમરેઠ બેઠક પર કોંગ્રેસ અને NCP વચ્ચે ગઠબંધન પણ થયું હતું. તેથી આ વખતની ચૂંટણીમાં તેમની ભૂમિકા કેટલી અસરકારક સાબિત થાય છે કે નહીં ? તે જોવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે ગોવિંદભાઈ પરમારનું 6 માર્ચ 2026ના રોજ 83 વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ 2017માં પ્રથમ વખત ઉમરેઠ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને 2022ની વિધાનસભા ચૂંટણીમાં ફરી ભાજપના ઉમેદવાર તરીકે 95,639 મત મેળવી ભવ્ય જીત મેળવી હતી.ચૂંટણી કાર્યક્રમ અનુસાર 30 માર્ચ 2026ના રોજ ગેઝેટ નોટિફિકેશન બહાર પડશે. ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ 6 એપ્રિલ રહેશે, 7 એપ્રિલે ઉમેદવારી ફોર્મની ચકાસણી થશે અને 9 એપ્રિલ સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. ત્યારબાદ 23 એપ્રિલે મતદાન થશે અને 4 મેના રોજ મતગણતરી સાથે પરિણામ જાહેર થશે. ગુજરાત વિધાનસભાની કુલ 182 બેઠકો છે, પરંતુ ધારાસભ્યોના રાજીનામા અથવા નિધનને કારણે સમયાંતરે કેટલાક બેઠકો ખાલી પડતી હોય છે. ઉમરેઠની આ પેટા ચૂંટણી પર હવે રાજ્યના રાજકીય વર્તુળોની ખાસ નજર રહેશે.

### સુડોકુ ૪૯૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૨ | | | ૯ | | ૩ | |
| | ૭ | | ૬ | ૩ | ૨ | | ૪ | ૫ |
| | | | | ૫ | ૭ | ૬ | | |
| ૭ | ૫ | | | ૮ | | | ૯ | |
| ૪ | ૧ | | ૩ | ૭ | ૫ | ૮ | ૨ | |
| ૨ | ૮ | | ૧ | ૯ | ૪ | ૫ | ૭ | ૩ |
| | | ૧ | | ૬ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૬ | | | | ૪ | | ૩ | ૮ | |
| ૮ | | ૭ | ૫ | ૨ | ૩ | ૧ | | ૪ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### માથામાં જૂ

રોજ વાળમાં લીંબોળી નું તેલ પાંથી, પાંથી મા ભરવું.
માથે કાપડું બાંધી સૂવું.

# માનવતાના ધોરણે વનવિભાગના નિયમો બદલો

**કેટલાક** નિયમોને કારણે આદિવાસીઓને પ્રાથમિક સુવિધા પણ મળતી નથી : તુષાર ચૌધરી

ગાંધીનગર : આદિવાસી વિસ્તારોમાં વન વિભાગના નિયમોમાં માનવતાપૂર્ણ ફેરફાર કરી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગણી કરી હતી. જંગલની જમીન ખેડતા આદિવાસીઓ પ્રત્યે વન વિભાગ ઘણી વખત ઓરમાયું વર્તન રાખે છે, જ્યારે આદિવાસીઓ અનાદિકાળથી જંગલની જમીનની જાળવણી કરતા આવ્યા છે. વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ પર થયેલી ચર્ચા દરમિયાન વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું.

ડો. તુષાર ચૌધરીએ વધુમાં કહ્યું હતુ કે સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના બારા ગામના માંડફળિયામાં લગભગ ૧૦૦ જેટલા કુટુંબો વસે છે અને અંદાજે ૫૦૦થી વધુ લોકો અહીં રહે છે. છતાં આઝાદીના ૭૫ વર્ષ પછી પણ અહીં પહોંચવા માટે પાકો રસ્તો નથી. માંડફળિયામાં આંગણવાડી, શાળા કે વીજળી જેવી મૂળભૂત સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. રસ્તાના અભાવે તાત્કાલિક સારવાર માટે દર્દીઓને જોળીમાં લઈ જવાની પરિસ્થિતિ ઊભી થાય છે. વન વિભાગના કડક નિયમોના કારણે લોકો રસ્તા, શિક્ષણ, વીજળી અને આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહે છે. તેથી નિયમોમાં જરૂરી ફેરફાર કરીને આદિવાસીઓને માનવતાના ધોરણે સુવિધાઓ આપવામાં આવવી જોઈએ.

પોશીના તાલુકામાંથી પસાર થતી તારંગા હિલ-અંબાજી-આબુ રેલવે લાઈન માટે જમીન સંપાદન સમયે માત્ર રૂ. ૩૧થી ૪૫ પ્રતિ ચોરસ મીટર વળતર ચૂકવાયું હતું. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જો બજાર કિંમત રૂ. ૧૨૬૦ હોય તો રેલવે પ્રોજેક્ટ માટે પણ એ જ દરે વળતર મળવું જોઈએ. જમીન સંપાદન અને કલેક્ટર કચેરી એક જ હોવા છતાં ભાવ નક્કી કરવામાં આવી રહેલી વિસંગતતા દૂર થવી જરૂરી છે.

તેમણે ગીર-સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામ નજીક આવેલી સિમેન્ટ ફેક્ટરીના પ્રદૂષણ મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ફેક્ટરીમાંથી નીકળતા ધુમાડા અને રાસાયણિક વાયુઓના કારણે પાણી અને ખેતી પર અસર થતી હોવા સાથે લોકોના આરોગ્ય પર જોખમ ઉભું થતું થે, તેથી સરકારને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

જંગલમાં વરસાદી ખેતી કરતા આદિવાસીઓ સાથે વન વિભાગ ઘણીવાર કડક અને ઓરમાયું વર્તન રાખે છે, જેના કારણે વિવાદો સર્જાય છે. આદિવાસીઓ સદીઓથી જંગલ સાથે સંકળાયેલા રહી તેની જાળવણી કરતા આવ્યા છે, તેથી તેમની સાથે હકારાત્મક અને માનવતાપૂર્ણ અભિગમ રાખી આદિવાસી વિસ્તારોમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ તેવી માંગ સરકાર સમક્ષ કરી હતી.

## સુરતમાં બે વર્ષમાં 568 ડ્રગ માફિયા ઝડપાયા

ગાંધીનગર : સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન પોલીસ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ કાર્યવાહી દરમ્યાન અફીણ અને અન્ય નશીલા પદાર્થોના મોટા જથ્થા સાથે અનેક આરોપીઓને ઝડપવામાં આવ્યા છે. તા. 31 જાન્યુઆરી 2026ની સ્થિતિએ કુલ 568 લોકોને ડ્રગ્સ કારટેલમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હોવાનું સરકારે જણાવ્યું છે. સરકારના જણાવ્યા મુજબ અલથાણ, ખટોદરા, સારોલી, ગોડાદરા, પુણા અને કડોદરા વિસ્તારોમાંથી કુલ 16 કિલો 77 ગ્રામ 6 મિલિગ્રામ અફીણ પકડવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉધના, અલથાણ, પુણા, કાપોદ્રા, ખટોદરા, ઉમરા, ભેસ્તાન, સારોલી, કતારગામ, સરથાણા, સલાબતપુરા, સિંગણપોર, ગોડાદરા, સચિન, વરાછા, લિંબાયત, અમરોલી, ડીંડોલી, પાંડેસરા, ઇચ્છાપોર, મહિધરપુરા, સચિન જી.આઈ.ડી.સી., ઉત્રાણ, વેસુ, ડુમ્મસ, હજિરા, લસકાણા, પાલ, અડાજણ, ચોક બજાર, રાંદેર, અઠવા, અશ્વિનીકુમાર, લાલગેટ, જહાંગીરપુરા, કામરેજ, ઓલપાડ, કોસંબા, બારડોલી, પલસાણા અને કડોદરા વિસ્તારોમાંથી અન્ય નશીલા પદાર્થોનો 3146 કિલો 904 ગ્રામ 572 મિલિગ્રામ જેટલો જથ્થો તથા 2620 સીરપ બોટલો જપ્ત કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

**તા. 17/03/2026, મંગળવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ: તેરસ: 07:24 પછી ચૌદસ-શિવરાત્રિ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 26
**નક્ષત્ર :** શતભિષા: 30:10
**યોગ :** સિધ્ધ **કરણ:** વિષ્ટિ
**રાશિ:** કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:47 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:47
**નવકારશી :** 07:35
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ:** બપોરે: 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વિદ્યાર્થીઓને અશાંતિ સતાવે. મિત્રો સાથે વિવાદ થાય. સંતાનોના કામમાં મદદ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** વેપાર ધંધામાં નવા ફેરફાર થાય. સંપત્તિના સોદા થઇ શકે છે. સમાજમાં અશાંતિ.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રવાસમાં છેતરાઈ જવાનું બની શકે છે. ધાર્મિક પ્રવાસ પરિવાર સાથે થાય.

**કર્ક (ડ,હ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. નોકર-ચાકરથી નુકસાન થઈ શકે છે. ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** ઘરમાં અવર-જવરથી ઘરના કામનો બોજ વધે. માનસિક અશાંતિ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** હિત શત્રુઓથી સાવધાન, હિસાબ અને લેવડ-દેવડમાં ધીરજ તથા ખાવા પીવામાં ધ્યાન રાખવું.

**તુલા (ર,ત,):** પ્રેમમાં નિરાશા, સંતાનોની ચિંતા અને શેર બજારમાં અશાંતિનો અનુભવ વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** માતા-પિતા સાથે વિવાદથી ઘરના કામમાં વિઘ્નો આવે. બહારના કામ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન, દલાલી, ટેક્નોલોજીને લગતા કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** વાણી પર કાબુ રાખવો. ખાવા-પીવામાં કાબૂ રાખવો. ઘરમાં અશાંતિ રહેશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પડવા-વાગવાથી સાવધાન. નોકરીમાં જવાબદારી વધે. સામાજિક અશાંતિ સતાવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. સંતાનોથી અશાંતિ વધે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

### કોઈ પણ સાલમાં 17 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નવા ફેરફાર, નવી જવાબદારી, નવી ટેક્નોલોજી અને નવી નીતિ પ્રમાણે કામથી અશાંતિ, ભાગ-દોડ અને બોજ વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં અશાંતિ વધે. પરિવારની અપેક્ષા વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી-કામકોર્ટ કચેરીમાં અવરોધ આવે. વિદેશના કામ ધીમો પડે. સરકારી નોકરિયાતને નવી જવાબદારી નિભાવવી પડે. વિદ્યાર્થીઓને તક મળે. યાત્રા- પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. નવા ઘર, વાહન, મકાન, બાબતે પ્રગતિ થાય, આવક વધારવામાં મિત્રો વડીલોની મદદ મળે. વારસા, જાયદાદ, જમીનોના કામ ધીમાં પડે. ડિસેમ્બર-જાન્યુઆરી, ફેબ્રુઆરી શનિ-શુક્રવાર 8,17,26 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે. માર્ચ-એપ્રિલ, બુધવાર 7,16, 25 તારીખ નવા કામમાં ટાળવી. સોનેરી રંગનો ઉપયોગ ઓછો કરવો.

# ૧૯-૨૦ માર્ચે ગાજવીજ સાથે વરસાદનું યલો એલર્ટ

**૪૦ થી** ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે

અમદાવાદ : રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો વધવા લાગ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન ૩૭ થી ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. સૌરાષ્ટ્રના રાજકોટમાં સૌથી વધુ ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે નલિયામાં સૌથી ઓછું ૧૬ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. મહુવામાં પણ વહેલી સવારે ઠંડીનો અહેસાસ થયો હતો અને ત્યાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી આસપાસ નોંધાયું હતું.

રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળ્યો હતો. ભૂજમાં ૩૮ ડિગ્રી, નલિયામાં ૩૬ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૩૫ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં ૩૫ ડિગ્રી, પોરબંદરમાં ૩૩ ડિગ્રી, રાજકોટમાં ૩૯.2 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮ ડિગ્રી, મહુવામાં ૩૪ ડિગ્રી, કેશોદમાં ૩૭ ડિગ્રી, અમદાવાદમાં ૩૮ ડિગ્રી, ડીસામાં ૩૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૩૬ ડિગ્રી, વડોદરામાં ૩૭ ડિગ્રી, સુરતમાં ૩૭ ડિગ્રી અને દમણમાં ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે, ત્યારબાદ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી.

આ સાથે જ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. ૧૮ માર્ચથી ૧૯ માર્ચની સવારે સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.૧૯ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલી જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની શક્યતા છે.